## ગાંધીનગરમાં નવરાત્રી બીજુ નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના ત્રીજા નોરતે ગાયક કલાકાર સમીર રાવલ અને મના રાવલના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સે.૨૨, ગબ્બરચોક ખાતે આર.કે. મ્યુઝીક મેલોડીઝના ગાયક રમેશભાઈ સોલંકીના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯ કલાકે યોગીરાજ કલાવૃંદના ગાયક કલાકારો ગરબાનીરમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે.૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે શ્યામ ગઢવીના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રાના સુનીલ સોલંકીના મધુરકંઠે ગરબાની રમઝટ બોલાવાશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી શક્તિ ચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે સ્વસ્તિક પાર્ટી ગ્રુપના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ ના નવરાત્રી ચોક ખાતે ખુશી ઓરકેસ્ટ્રાના પ્રદિપ મેઉવાના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૧ થી ૧ કલાક દરમિયાન રૂપલબેન ગોસ્વામીના યજમાન પદે સે. ૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.
- અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા સોમવારના રોજ બપોરના ૨ થી ૫ કલાક દરમિયાન સે. ૧૨, બલરામ ભવન હોલ ખાતે ફરતા ગરબાનો કાર્યક્રમ યોજાશે.

# માડી તારા હેત ઢળ્યા...











# ગુજરાતમાં ૨૦૧૭માં મતદારોની સંખ્યા સાડા ચાર કરોડથી વધે તેવી સંભાવના

ભારતનું ચૂંટણી પંચ ગુજરાતમાં યુવા મતદારોને ટારગેટ બનાવી રહ્યું છે, કારણ કે સેન્સનના ડેટા પ્રમાણે ગુજરાતમાં ૧૮-૧૯ વર્ષના ગ્રુપમાં ૨૦ લાખ યુવાનો આવે છે પરંતુ તે પૈકી માત્ર ૩.૩૭ લાખ યુવાનોએ મતદાર ઓળખપત્ર મેળવ્યું છે. આ યુવાનો તેમની લાઈફમાં પહેલીવાર ૨૦૧૭માં મતદાન કરશે. ચીફ ઈલેક્ટ્રલ ઓફિસર બી.બી. સ્વૈન કહે છે કે અમે આ યુવાનો વચ્ચે સેતુ બનવાનો પ્રયાસ શરૂ કર્યો છે. ગુજરાતની સવા છ કરોડની વસતીમાં ૨૦૧૬ની સ્થિતિએ ૪.૧૯ કરોડ મતદારો છે જે પૈકી ૨૦.૦૨ કરોડ મહિલા મતદારો છે અને ચૂંટણી આવતા સુધીમાં મતદારોની સંખ્યા સાડા ચાર કરોડ થવાની સંભાવના છે. ભારતના ચૂંટણી પંચે ખાસ કેમ્પેઈન શરૂ કરવાનું નક્કી કર્યું છે અને તેમાં યુવા મતદારો કે જેઓ પહેલીવાર મતદાન કરવાનો અધિકાર ધરાવે છે તેમને ખાસ ટારગેટ કરશે. આંકડા જોતાં નવા યુવા મતદારો જ પરિણામ ફેરવી શકે છે તેવું ભાજપ અને કોંગ્રેસના નેતાઓને લાગી રહ્યું છે તેથી યુવા ઉમેદવારોની ખોજ બન્ને પાર્ટીએ શરૂ કરી છે. આ વખતે યુવાનોની પાર્ટી કહેવાતી આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે તેનો બન્ને પાર્ટીઓને ખ્યાલ છે, કારણ કે અરવિંદ કેજરીવાલનું લક્ષ્ય શહેરી યુવા મતદારો પર વધારે દેખાઈ રહ્યું છે.

**ઓમ માથુર પાર્ટીમાં કિંગમેકરના રોલમાં...**

ભાજપના પ્રભાવી નેતાઓની હરોળમાં સ્થાન પામેલા રાજસ્થાનના કિસાન નેતા ઓમ માથુરને પાર્ટીમાં કિંગ મેકર કહેવાય છે. ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન થયું તેની પાછળ તેમનો ખાનગી રિપોર્ટ કારણભૂત માનવામાં આવે છે. મોદી અને અમિત શાહના સોલ્જરની ભૂમિકા અદા કરતા માથુર રાજસ્થાન ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સંગઠનની પક્કડ ધરાવે છે. મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર દેવેન્દ્ર ફડનવિસ જાહેરમાં કહે છે કે 'મેં ઓમ ભાઈ સાહબ કી વજહ સે સીએમ હૂં...' તાજેતરમાં તેમનું કોર્પોરેટ સ્ટાઈલથી મુંબઈમાં થયેલું સન્માન ભાજપના સંગઠનમાં ચર્ચાનો વિષય બન્યું છે. ઓમ માથુરે ૨૦૦૪ થી ૨૦૦૬ દરમ્યાન ગુજરાત ભાજપમાં બીજો બળવો થતો અટકાવ્યો હતો અને તેની નોંધ મોદીએ પણ લીધી હતી. માથુરને ગુજરાતમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીમાં જવાબદારી સોંપતા મોદી સફળ રહ્યા હતા તેથી હવે તેમને ઉત્તરપ્રદેશ અને ગુજરાતની વિશેષ જવાબદારી સોંપવા જઈ રહી છે.

**મોદીની સ્કીમો દિલ્હીમાં ધૂમ મચાવે છે...**

ગુજરાતમાં ૧૩ વર્ષના શાસન પછી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા, એની સાથે તેમણે ગુજરાતની મહત્વની સ્કીમોને કેન્દ્રમાં શરૂ કરવાનો નિર્ણય લીધો અને આજે સ્થિતિ એવી છે કે ગુજરાતમાં મોદીએ જાહેર કરેલી સ્કીમો દિલ્હીમાં ધૂમ મચાવે છે પરંતુ ગુજરાતમાં તે પાછળ ધકેલાતી જાય છે. વિધાનસભાની ચૂંટણી જીતવા માટે મોદીએ શરૂ કરેલી સ્કીમો વિજય રૂપાણીની સરકાર ઝડપથી પૂર્ણ કરશે તો ભાજપ ચૂંટણી જીતી શકે તેમ છે. એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે મોદી વહીવટી તંત્ર પાસેથી જે કામ લેતા હતા તેવું કામ આનંદીબહેન પટેલ તો લઈ શક્યા નહીં, વિજય રૂપાણી અનુભવના અભાવે થોડાં પાછા પડે છે પરંતુ જો તેમની કેબિનેટને વિકાસનો કામો માટે છૂટો દોર આપી દે તો સરકારના કામોથી જ ગુજરાતમાં વોટબેન્ક પાછી આવી શકે છે, જો કે ભ્રષ્ટાચારને નાથવાનું કપરૂં કામ વિજય રૂપાણીએ આગળ ધપાવવું જ પડશે, કે જેના કારણે કોંગ્રેસ ઘરભેગી થઈ છે.

**મોદીએ શરૂ કરેલી સ્કીમો ઝડપી પૂર્ણ થાય તો પણ ભાજપ જીતી જાય...**

**ના- કહેવાની હિંમત તમને મોદીની નજીક લાવે...**

હવાઈ તુક્કા બનાવીને જી હજૂરિયા જેવા લોકો સત્તાથી દૂર રહે તે જ વિજય રૂપાણીની સરકાર માટે સારૂં છે, કેમ કે ગુજરાતનો ઈતિહાસ છે કે ચીફ મિનિસ્ટરની કિચન કેબિનેટની આજુબાજુ ફરતા જી હજૂરિયાઓએ જ સરકારને પછાડવામાં મોટો ભાગ ભજવ્યો છે. મોદીએ શાસન કર્યું ત્યાં સુધી તેમણે આવા તત્વોને દૂર રાખ્યા હતા. સરકારનું સાચા અર્થમાં નેગેટીવ ચિત્ર આપે તેવા લોકોને તેમણે સાથે રાખ્યા હતા કે જેથી તેમની સરકારની ક્ષતિઓ બહાર આવી શકે. એવા ઓફિસરો મોદી પાસે હતા જેઓ યસ સર.. કે ઓલ ઈઝ વેલ.. કહેતા ન હતા, મોદીને સીધી ભાષામાં કહેતા હતા કે "સાહેબ આમ ન થાય, વિપરિત પ્રત્યાઘાતો પડશે." આજે આવા ઓફિસરો મોદીની સાથે દિલ્હીમાં છે. વિજય રૂપાણીએ આવી ટીમ બનાવવી પડશે, કે જે ઓફિસરો યસ સર નહીં નો સર કહી શકતા હોય. ચૂંટણીના છ મહિના પહેલાં મોદી પાસે વિસ્તારનો ગ્રાઉન્ડ રિપોર્ટ હોય, તેમને જ્યાં વિકનેસ લાગે ત્યાં ઓપરેશન કરી દેતા હતા...

**યસ સર, 'ઓલ ઈઝ વેલ' નહીં ચાલે, મોદીની સફળતાનું આ રહસ્ય છે...**

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

**બ્લેકમની જાહેર કરનારામાં બિલ્ડરો ટોચ પર...**

ઈન્કમ ડિસ્કલોઝર સ્કીમને ગુજરાતમાં સારો આવકાર મળ્યો છે. ગુજરાતના ૩૨૦૦ કરદાતાઓએ ૪૧૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. જો કે આમાં રાજકીય નેતાઓ કેટલા અને ઉચ્ચ અધિકારીઓ કેટલા તે શોધી શકાશે નહીં. આ આંકડો બિન હિસાબી આવક છે. ગુજરાતમાંથી ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને ૧૮૪૫ કરોડ રૂપિયા મળશે. આ સ્કીમનો લાભ લેનારી સંખ્યામાં સૌથી વધુ બિલ્ડરો હોવાનું જાણવા મળ્યું છે, કારણ કે તેમની ઉપર વારંવાર આઈટીના દરોડા પડતા હોય છે. ચાલો, વિદેશમાંથી તો કાળું નાણું આવ્યું નહી, દેશમાં છૂપાવેલું કાળુનાણું જાહેર થયું છે. બ્લેકમની દૂધે ધોયેલા સફેદ થઈ ગયા છે, એ લોકોની દિવાળી સુધરી છે કે જેમણે આ સ્કીમનો ઉત્સાહથી લાભ લીધો છે. જો કે ઈન્કમટેક્સ ઓફિસરોને ટારગેટ આપી દેવામાં આવ્યા હતા.

**મોટી આઝાદ માછલીઓને પણ પકડો...**

ભારતની વેપારી જનતા પાસેથી બ્લેકમની બહાર લાવવા માટેની સ્કીમને સારો પ્રતિસાદ મળ્યો છે તેથી હવે નરેન્દ્ર મોદીએ રાજકીય નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓ કે જેઓ કરપ્શનથી રૂપિયા બનાવે છે તેમની બ્લેકમની જાહેર કરવાની સ્કીમ બહાર પાડવી જોઈએ. કેન્દ્ર સરકારે આ સ્કીમમાં રાજકીય નેતાઓ કે એવા ઓફિસરોના નામ ગુપ્ત રાખવાની શરત મૂકીને બિનહિસાબી નાણાં એકાઉન્ટમાં લાવવા જોઈએ. આ પ્રયોગ નવી દિલ્હી થી લઈને તમામ રાજ્યોમાં શરૂ કરવો જોઈએ. નાની માછલીઓ તો સરકારે પકડી પણ હવે મોટી માછલીઓને પકડવા માટે કંઈક તો વિચારવું જોઈએ. આમ થવાથી લાંચ રૂશ્વત બ્યુરો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈ જેવી સંસ્થાઓને રાહત મળશે.

**ગાંધીનગરમાં ફરી સૌરાષ્ટ્રનો દબદબો...**

ગાંધીનગરની ગાદી પર વિજય રૂપાણી આવ્યા પછી સૌરાષ્ટ્રના વિસ્તારો અને ખાસ કરીને રાજકોટનું વર્ચસ્વ વધી રહ્યું છે. સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા જોતાં સૌથી વધુ મુલાકાતીઓ સૌરાષ્ટ્રમાંથી આવે છે. આશ્ચર્યની બાબત એવી છે કે આનંદીબહેન પટેલના શાસનમાં મહિલા કાર્યકરોના ટોળેટોળાં ઉમટી પડતા હતા પરંતુ હવે તે ખૂબ ઓછા થઈ રહ્યાં છે. નિતીન પટેલ નાયબ મુખ્યમંત્રી છે પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતનો પ્રભાવ સરકાર પર પાડી શક્યા નથી. સચિવાલયમાં લોકો એવું કહે છે કે ગુજરાતમાં ફરીવાર સૌરાષ્ટ્રની સરકાર આવી છે. સૌરાષ્ટ્રના વિસ્તારે ભાજપમાં ત્રણ ત્રણ મુખ્યમંત્રી આપ્યા છે. કેશુભાઈ પટેલ સૌરાષ્ટ્રના હતા. સુરેશ મહેતા પણ સૌરાષ્ટ્રના હતા. અને વિજય રૂપાણી પણ એ જ વિસ્તારના છે. બદનસીબે સુરતનું પ્રતિનિધિત્વ કરતા કાશીરામ રાણા ગુજરાતના મુખ્યમંત્રી બની શક્યા નહીં. આ સરકારમાં પણ દક્ષિણ ગુજરાતની હાલત દયામણી છે. દક્ષિણ ગુજરાતમાંથી ભાજપ પાસે પણ કરિશ્માયુક્ત નેતા નથી. મધ્ય ગુજરાતનો તો ભાવ પૂછાતો નથી..

**સરકારમાં સૌરાષ્ટ્રનું રાજકીય પ્રભુત્વ વધ્યું, દક્ષિણ ગુજરાતને અફસોસ...**

**સાઇડ ટ્રેક બનેલા નેતાઓની મોટી ફોજ છે...**

ગુજરાતના રાજકારણમાં સાઈડ ટ્રેકમાં ફેંકાઈ ગયેલા નેતાઓની મોટી ફોજ છે. આવા નેતાઓ કોંગ્રેસ કરતાં ભાજપમાં વધારે છે. કોંગ્રેસમાં અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ એવા મોટા માંથા છે કે જેઓ સરકાર અને સંગઠનમાં ટોચક્રમે રહી ચૂક્યાં છે. ભાજપમાં સિનિયર અને વધુ ભણેલા ભૂતપૂર્વ મિનિસ્ટર જયનારાયણ વ્યાસ સાઈડ ટ્રેક છે. બિમલ શાહ અને ભરત શાહની જોડી પણ સત્તાથી દૂર છે. ભાજપની સરકારના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા નિવૃત્તિ જીવન ગાળે છે, હવે આનંદીબહેન પટેલ પણ તે જ લાઈનમાં આવી ગયા છે. ભાજપના પાંચ રાજકીય પાંડવોમાંથી હાલ એકમાત્ર નરેન્દ્ર મોદી દેશમાં સર્વોચ્ચપદે છે. ૧૯૯૦માં મોદી ઉપરાંત શંકરસિંહ વાઘેલા, કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, ચીમન શુક્લની ત્રિપુટી હતી. હવે ગુજરાત અને દિલ્હીમાં નવી ધરી ઉભી થઈ છે. પાર્ટી સૂત્રો કહે છે કે એક સમયે મહત્વનું સ્થાન ધરાવતા ભાજપના ૨૦ નેતાઓ અને કોંગ્રેસના ૧૦ નેતાઓ સાઈડટ્રેક છે.

**ગુજરાતમાં ૧૪૬ જ્ઞાતિઓનો વસવાટ છે...**

ગુજરાતના લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે સૌથી વધુ વસતી અને મતદારો અધર બેકવર્ડ ક્લાયના છે. આ વસતીની ટકાવારી ૪૦ ટકા થવા જાય છે. રાજ્યમાં બીજા નંબરે ૧૯ ટકા સાથે ફોરવર્ડ ક્લાસ આવે છે જેમાં ૧૦ ટકા બ્રાહ્મણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસી વસતિનો આંકડો ૧૦ ટકા છે, જ્યારે ૯.૭ ટકા મુસ્લિમ અને ૮ ટકા દલિત વસે છે. અન્ય વસતી એટલે કે ક્રિશ્ચિયન અને જૈનની વસતીની ટકાવારી ૦.૪ ટકા જોવા મળે છે. રાજકીય નેતાઓને ખાસ કરીને નરેન્દ્ર મોદીએ સત્તામાં આવ્યા પછી ઓબીસી વસતીને પસંદ કરી, કારણ કે તેઓ જાણે છે કે અસલી વોટબેન્ક ઓબીસી છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ કુલ ૧૪૬ જ્ઞાતિઓનો વસવાટ છે. આ સાથે મજેદાર બાબત એવી છે કે વિશ્વના ૧૯૦ દેશો પૈકી ૧૨૯ દેશોમાં ગુજરાતીઓ મોજૂદ છે.

**કોંગ્રેસ પાટીદાર નેતાઓની ખોજમાં છે...**

કોંગ્રેસને યુવાપાટીદારોનો આડકતરો સહયોગ મળ્યો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં આનંદીબહેન પટેલને પછાડ્યા, પરંતુ હકીકતમાં આ પાટીદાર યુવાનોને પાર્ટી જેવું કંઈ નથી. તેઓ ભાજપ કે કોંગ્રેસમાં જોડાવા માગતા નથી, તેમનો અલગ ચોકો છે જે હાર્દિક પટેલની સ્ટેટેજીથી સમજાય છે. કોંગ્રેસ પાર્ટીના સંગઠનમાં પાટીદારોની મોટાપાયે ભરતી કરવાની તૈયારી ચાલી રહી છે, કારણ કે કોંગ્રેસે વિઠ્ઠલ રાદડિયા, જયેશ રાદડિયા, નરહરિ અમીન અને તેમની યુવા પાટીદારોની ટીમ, બાવકુ ઉંઘાડ, છબીલ પટેલ સહિતના મોટા માંથા ગુમાવ્યા છે.